પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૪ ૧૩ જુન, ૨૦૧૮, બુધવાર; અ. જેઠ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કેજરીવાલ ફરી ધરણાં પર

ડોર ટુ ડોર રેશન યોજનાને મંજૂરી આપવા તથા સરકારી કામકાજનો બહિષ્કાર કરનાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ સાથે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા, મંત્રી ગોપાલ રાય અને સત્યેન્દ્ર જૈન ઉપ રાજ્યપાલ અનિલ બૈજલના ઘરે ધરણાં પર બેઠા છે.

### સંસદીય સમિતિ સમક્ષ ઉર્જીત પટેલ

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જીત પટેલ વીરપ્પા મોઈલીની અધ્યક્ષતાવાળી સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ રજુ થયા હતા. પીએનબી કૌભાંડ સહિત અનેક મામલે તેમને સવાલો પૂછાયા હતા.

### એર ઈન્ડિયાની મુસાફરી મોંઘી

એર ઈન્ડિયામાં પ્રવાસ કરવો હવે મોંઘો બની ગયો છે. હવે પ્રવાસીઓને ૨૫ કિલોથી વધુ સામાન લઈ જવા પર ૧૦૦ રૂ. પ્રતિ કિલો વધુ પૈસા આપવા પડશે. આ ઉપરાંત ૧૨ ટકા જીએસટી પણ આપવો પડશે.

### ઈડી સમક્ષ ચિદમ્બરમ હાજર થયા

એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ (ઈડી) સમક્ષ પૂર્વ નાણાંમંત્રી અને કોંગ્રેસી નેતા પી. ચીદમ્બરમ બીજીવાર હાજર થયા હતા. એરસેલ-મૈક્સિસ મામલે તેમની પૂછપરછ કરાઈ હતી.

# સંત ભૈયુજી મહારાજની આત્મહત્યા

**માથામાં ગોળી મારીને આપઘાત કરતા ચકચાર : ભૈયુજી મહારાજની આત્મહત્યાથી સમર્થકોમાં આઘાતનું મોજુ : કઈ પરિસ્થિતિ હેઠળ આપઘાત કર્યો તેને લઇને ઉંડી ચકાસણી : પ્રથમ પત્નિના મોત બાદ ગયા વર્ષમાં જ બીજા લગ્ન કર્યા હતા : હાલમાં ખુબ ટેન્શનમાં હતા**



ઈન્દોર,તા. ૧૨

જાણિતા આધ્યાત્મિક ગુરુ અને સામાજિક કાર્યકર ભૈયુજી મહારાજે આજે પોતાને ગોળી મારીને આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ભૈયુજી મહારાજે આપઘાત કેમ કર્યો તેને લઈને પ્રશ્નોની શરૂઆત થઈ ગઈ હતી. ભૈયુજીએ પોતે પોતાના માથામાં ગોળી મારી લીધી હતી. ભૈયુજી મહારાજની આત્મહત્યાને લઈને એક નોંધ પણ મળી આવી છે જેમાં જાણવા મળ્યું છે કે તેઓ ખુબ જ ટેન્શનમાં દેખાઈ રહ્યા હતા જેના કારણે તેઓએ આપઘાત કરી લીધો હતો. નોંધમાં અંગ્રેજીમાં લખવામાં આવ્યું છે કે, કોઈને ત્યાં પરિવારની સંભાળ માટે હોવાની જરૂર છે જેથી જઈ રહ્યા છીએ. ખુબ જ ટેન્શનમાં અને પરેશાન હતા. પોલીસ મહાનિર્દેશક મકરંદ દેવસ્કરે કહ્યું છે કે, આપઘાતની નોંધ અને પિસ્તોલ કબજે કરી લેવામાં આવી છે. તમામ પાસાઓ ઉપર તપાસ ચાલી રહી છે. પરિવારના સભ્યોની પણ પુછપરછ કરવામાં આવશે. ડીઆઈજી હરિનારાયણચારી મિશ્રાએ કહ્યું છે કે, આપઘાતની નોંધ મળી આવી છે જેમાં માનસિક ટેન્શનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બીજી બાજુ આને લઈને રાજકીય રમત પણ શરૂ થઈ ચુકી છે. આપઘાત માટેનું કારણ જાણી શકાયું નથી. ભૈયુજી મહારાજે પોતાના માથામાં ગોળી મારી લીધા બાદ તેમને તરત જ ઈન્દોરની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ ત્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. હોસ્પિટલની બહાર પણ મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં જ શિવરાજસિંહ સરકારે તેમને રાજ્યમંત્રીનો દરજ્જો આપ્યો હતો. જો કે, મધ્યપ્રદેશ સરકારના આ પ્રસ્તાવને

● અનુસંધાન પાન-૭ પર

## ઈતિહાસને પાછળ છોડવાનો નિર્ણય કરાયો છે : કિમ જોંગ



સિંગાપોર,તા. ૧૨

સિંગાપોરમાં શિખર બેઠક પરિપૂર્ણ થયા બાદ ઐતિહાસિક દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા પછી કિમ જોંગે કહ્યું હતું કે, અમે ઈતિહાસને પાછળ છોડવાનો નિર્ણય કરી ચુક્યા છે. કિમે ઉમેર્યું હતું કે, દુનિયામાં હવે પરિવર્તન જોવા મળશે. કિમે આ બેઠક માટે ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયન નેતા કિમ જોંગ ઉન વચ્ચે શિખર બેઠક યોજાયા બાદ બંને નેતાઓએ પોત પોતાની પ્રાથમિક પ્રતિક્રિયા આપી હતી. જેમાં બંને આશાવાદી દેખાઈ રહ્યા હતા. ઐતિહાસિક બેઠક બાદ ટ્રમ્પે પોતાની પ્રથમ પ્રતિક્રિયા તરત જ આપી હતી.જેમાંટ્રમ્પે કહ્યુ હતુ કે કિમની સાથે તેમની બેઠક સારી રહી છે. તેમણે કહ્યુ હતુ કે કિમની સાથે મળીને તેઓ મોટી સમસ્યાને ઉકેલી લેવાના પ્રયાસમાં સફળ રહેશે. ટ્રમ્પે કહ્યુ હતુ કે બંને નેતા સાથે આગળ ચાલીને મોટી સફળતા હાંસલ કરી શકે છે. ટ્રમ્પે વિશ્વાસ અપાવતા કહ્યુ હતુ કે આવુ એક દિવસ ચોક્કસપણે થશે.ઉત્તર કોરિયાના નેતાની નજીક બેસીને ટ્રમ્પે કહ્યુ હતુ કે આગળ વધતા અમારા સંબંધ વધારે મજબુત બનશે. હકીકતમાં તે ગર્વની લાગણી અનુભવ કરી રહ્યા છે. તેમના મનમાં વાતચીતને લઈને કોઈ શંકા નથી. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગે કહ્યુ હતુ કે સિંગાપોરમાં થયેલી વાતચીત પહેલા માર્ગમાં અનેક અડચણો હતી.

# અનંતનાગ અને પુલવામામાં ત્રાસવાદી હુમલા

**સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલો : અનંતનાગ ખાતે સીઆરપીએફની ટીમ પર ગ્રેનેડ ઝીંકાતા ૧૦ જવાન ઘાયલ થયા : પુલવામામાં પોલીસ ટુકડી ઉપર હુમલો : આતંકવાદી લડાયક બન્યા**

શ્રીનગર,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં આજે સવારે સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બે પોલીસ જવાન શહીદ થયા છે અને સીઆરપીએફના ૧૦ જવાન ઘાયલ થયા છે. પુલવામાં અને અનંતનાગમાં હુમલા કરવામાં આવ્યા હતા. પુલવામામાં કોર્ટ સંકુળની નજીક તૈનાત જમ્મુ કાશ્મીર પોલીસની એક ટીમને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. અનંતનાગમાં પણ ત્રાસવાદીઓ દ્વારા સીઆરપીએફની ટીમ પર ગ્રેનેડ હુમલો કર્યો હતો. ગ્રેનેડ હુમલામાં સીઆરપીએફના દસ જવાનો ઘાયલ થયા હતા. પુલવામામાં જમ્મુ કાશ્મીર પોલીસ દળ પર કરવામાં આવેલા હુમલામાં બે

પોલીસ જવાનો શહીદ થયા હતા. બંને તરફથી જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ તરત જ વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત ખસેડી દેવામાં આવ્યા હતા. અનંતનાગમાં સવારે ત્રણ વાગેની આસપાસ હુમલો કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવ્યા બાદ સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. રવિવારના દિવસે પણ સુરક્ષા જવાનોએ તેમના હુમલાના પ્રયાસને નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ છ ત્રાસવાદીઓને ઠાર મારી દીધા હતા. આ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વશાંતિના નવા અધ્યાયની શરૂઆત

**ટ્રમ્પ-કિમ વચ્ચે ઐતિહાસિક મંત્રણા : દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર : અમેરિકાએ ઉત્તર કોરિયાની સુરક્ષાની ગેરંટી લીધી જ્યારે કિમ પૂર્ણ પરમાણુ નિશસ્ત્રીકરણ માટે સહમત : કોરિયન દ્વિપમાં ભય અને યુદ્ધના ખતરાનો અંત : ટ્રમ્પે આપ્યું વ્હાઈટ હાઉસ આવવાનું આમંત્રણ**

સિંગાપોર,તા. ૧૨

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન વચ્ચે આજે ભારે સસ્પેન્સ





અને અનેક પ્રકારની અટકળોની સ્થિતી વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક યોજાઈ હતી. આની સાથે જ આ બેઠક થશે કે કેમ તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. શિખર બેઠક અપેક્ષા કરતા પણ વધારે ફળદાયી રહી હતી. બંને વચ્ચેની બેઠક પરિપૂર્ણ થઈ ચુકી છે. બંને નેતાઓએ એક દસ્તાવેજ ઉપર પણ હસ્તાક્ષર કર્યા છે. એકબાજુ અમેરિકાએ ઉત્તર કોરિયાની સુરક્ષાની ગેરંટી લીધી છે. બીજી બાજુ કિમે પૂર્ણ પરમાણુ નિશસ્ત્રીકરણને લઈને સહમતિ દર્શાવી છે. ટ્રમ્પે પણ ટૂંકમાં જ આ પ્રક્રિયા શરૂ થવાની વાત કરી છે.

ઘણા વર્ષોથી કોરિયન દ્વિપના આ વિવાદના કારણે સમગ્ર દુનિયામાં ભય અને તંગદિલીનું વાતાવરણ હતું. બંને નેતાઓ વચ્ચેની બેઠક વૈશ્વિક શાંતિની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ હતી. અગાઉ પ્રથમ રાઉન્ડની શિખર બેઠક આશરે ૫૦ મિનિટ સુધી ચાલી હતી. ત્યારબાદ અન્ય દોરની વાતચીતનો સિલસિલો શરૂ થયો હતો. ટ્રમ્પ અને કિમની હાજરીમાં ત્યારબાદ અન્ય રાઉન્ડની પણ થઈ હતી. જેમાં બંન્ને દેશોના પ્રતિનિધીઓ સામેલ થયા હતા. ટ્રમ્પ અને કિમ વચ્ચે બેઠકનો ઉદ્ધેશ્ય દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા અને કોરિયન દ્વિપમાં પૂર્ણ નિશસ્ત્રીકરણનો રહ્યો હતો. ટ્રમ્પ અને કિમ સિંગાપોરના સેન્ટોસા દ્વીપમાં આલિશાન અને ભવ્ય કપેલા હોટલમાં મળ્યા હતા.બેઠક બાદ બંને નેતાઓ બાલકનીમાં આવ્યા હતા. સાથે બહાર આવ્યા બાદ હાથ હલાવીનો તમામનો આભાર માન્યો હતો.બંને નેતાઓએ શિખર બેઠકની શરૂઆત ખુબ જ ગરમ જોશી સાથે કરી હતી. હોટેલમાં મિડિયાની સામે હાથ મિલાવીને આની શરૂઆત કરવામાં આવી હતી. ટ્રમ્પ અને કિમ વચ્ચે ઐતિહાસિક બેઠક ભારતીય સમય મુજબ ૬-૩૦ વાગે થરૂ કરવામાં આવી હતી. શિખર બેઠક યોજાય તે પહેલા જ અમેરિકાએ પૂર્ણ, સત્યાપિત અને અપરિવર્તનીય પરાણુ નિશસ્ત્રીકરકણના બદલે ઉત્તર કોરિયાને ખાસ સુરક્ષા ગેરંટી આપવાની વાત કરી હતી. વ્હાઈટ હાઉસ તરફથી ખુલાસો કરવામાં આવ્યો હતો કે ૭૧ વર્ષીય ડોનાલ્ડ

● અનુસંધાન પાન-૭ પર

# આરએસએસ માનહાનિ કેસમાં રાહુલ સામે આરોપો ઘડાયા

મુંબઈ,તા.૧૨

મહાત્મા ગાંધીની હત્યા પાછળ આરએસએસનો હાથ હોવાના વિવાદિત ભાષણ આપવાના મામલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની મુશ્કેલી વધી શકે છે. આ મામલે ભિવંડીની એક અદાલતે રાહુલ ગાંધી વિરૂદ્ધ આરોપો નક્કી કર્યા છે. કોર્ટે રાહુલ પર આઈપીસીની કલમ ૪૯૯,

● અનુસંધાન પાન-૭ પર


## ભાવભીની અંજલિ



**સ્વ. કુંવરજીભાઈ પટેલ**

આપની અણધારી વિદાયે અમને આંચકો આપ્યો છે.
આપનું માર્ગદર્શન અને હૂંફ અમારા માટે પ્રેરણા બની રહેશે...
આપના માનવીય મૂલ્યો પરત્વેની પ્રતિબદ્ધતા અને કર્મનિષ્ઠા
સામાજિક વિકાસ માટે દીવાદાંડી રૂપ છે....
સદ્ગતના આત્માની ચિરશાંતિ માટે પરમતત્વને પ્રાર્થના...

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર
ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
૫૬ ભોગ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, ગાંધીનગર

**અડાલજ ખાતે મકાન ભાડે આપવાનું છે**

2BHK, પ્લોટ નં. કે/૦૦૧, રોયલ રેસીડન્સી, શ્રીનાથ બંગલોની પાછળ, અડાલજ-ગાંધીનગર હાઈવે નજીક, **અડાલજ.**
સંપર્ક : ૭૩૮૩૨૦૮૨૯૦, ૭૦૬૯૦૨૩૭૩૮

ART BEAUTY & MAGIC OF HANDICRAFT & HANDLOOM OF INDIA
ફ્રી એન્ટ્રી અને પાર્કિંગ
સમય : સવારે ૧૧ થી રાત્રે ૧૦



**સહયોગ આર્ટ & ક્રાફ્ટ શોપીંગ ફેસ્ટીવલ**
**કચ્છી હેન્ડલુમની વસ્તુઓ**

મેરઠની ખાદી-શર્ટ, બોમ્બેની ફેન્સી ચપ્પલ, બોમ્બે અને જયપુરી ટોપ-સ્કર્ટ-કુર્તી, લેગીન્સ, બોમ્બે પર્સ, ટોઈઝ, મુખવાસ, કન્ઝ્યુમર, હેલ્થકેર પ્રોડક્ટ, ટેરાકોટા, ક્રોકરી, ઘરવખરીની ૩૦ હજારથી પણ વધારે ઘર વપરાશની વસ્તુઓ, હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ એક જ જગ્યાએ...

સ્થળ : ઘ-૫, ચોપાટીની સામે, ઓપન થીયેટરની બાજુમાં, સે.૧૬, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત
(રાત્રી ખાણી પીણી) બજાર
એકજ સ્થળ પર માણો ૫૦૦થી વધુ અવનવી વાનગીઓનો સ્વાદ.
આ કુપન સાથે લાવનારને ૧૦% ડિસ્કાઉન્ટ
સમય : સાંજે ૬.૦૦ થી શરૂ (પરમેનેન્ટ ફ્રી એન્ટ્રી)
ગાંધીનગર હાર્ટ ધ હન્ગર પાર્ક
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ, ઘ-૦, ગાંધીનગર.